# સામાજિક વિરોધ વંટોળના કારણે ભાજપ સરકાર દ્વારા કામો હાથ ધરવાનું નાટક

## ગુજરાત વિધાનસભાનીચૂંટણી આડે ગણતરીનો સમય બાકી રહ્યો છે ત્યારે ભાજપના અન્યાયી શાસનને જડમૂળથી ફેંકી દેવા વિવિધ સમાજ સંકલ્પબદ્ધ થઈ રહ્યો છે : ડૉ. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત રાજ્યમાં તમામ ક્ષેત્રે સદંતર નિષ્ફળ નિવડેલા ભાજપ સામેનો વિરોધ વધવા સાથે સામાજિક જનાધાર દૂર થતો લાગતા જ બેબાકળી બનેલી ભાજપ સરકાર દ્વારા દરેક ધારાસભ્યોને કરોડો રૂપિયાના કામોની લ્હાણી શરૂ કરવામાં આવી છે. વિધાનસભાની ચૂંટણીને ગણતરીના મહિના જ બાકી રહેતા પોતાની સત્તા ટકાવી રાખવા માટે ભાજપ સરકારને હવે પ્રજાના કામો યાદ આવ્યા છે. પરંતુ સામાજિક વિરોધ વંટોળ વચ્ચે પ્રજા આગામી ચૂંટણીમાં ફેંકી દેશે એમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યમાં છેલ્લા બે દસકા દરમિયાન અનેકવિધ ક્ષેત્રે સદંતર નિષ્ફળ નિવડેલી ભાજપ સરકાર અત્યાર સુધી ભ્રામક જાહેરાતો દ્વારા પ્રજાને છેતરતી રહી હતી. પરંતુ આ છેતરામણી જાહેરાતો સાથેનો ભાજપનો વિકાસનો ફુગ્ગો ફુટી જતાં રાજ્યભરમાં ભાજપ સામે સામાજિક વિરોધનો વંટોળ છવાઈ ગયો છે. છેલ્લા બે દસકા દરમિયાન શિક્ષણ, આરોગ્ય, કૃષિ, રહેણાંક જેવા ક્ષેત્રોમાં પ્રાથમિક જરૂરિયાત પણ પુરી નહીં કરનાર ભાજપ સરકારે મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચારમાં તમામ રેકર્ડો તોડી નંબર વનનું સ્થાન મેળવ્યું છે. ભાજપના કુશાસન દરમિયાન સમાજના દરેક વર્ગની મોટાભાગની જરૂરિયાતો નહીં સંતોષાતા સામાજિક વિરોધનો વંટોળ પેદા થયો છે. ભાજપની પોકળ જાહેરાતો સામે જાગૃત થયેલા સમાજમાં ખાસ કરીને મહિલાઓ અને યુવાનોમાં ભારે રોષ વ્યાપ્યો છે.

કેન્દ્રમાં ગુજરાત મોડેલના નામે સત્તા મેળવનાર ભાજપને ઘરઆંગણે જ સામાજિક જનાધાર છીનવાઈ જતો લાગતા હવે રાતોરાત પ્રજાના કામો યાદ આવ્યા છે. ભાજપ દ્વારા દરેક ધારાસભ્યોને બોલાવી તેમના વિસ્તારોમાં કરોડો રૂપિયાના રોડ-રસ્તાના કામોને મંજુરી આપવામાં આવી રહી છે. જે છેલ્લા ચાર થી દસ વર્ષમાં ક્યારેય યાદ આવ્યા નથી. અત્યાર સુધી તેમના જ પક્ષના ધારાસભ્યો અને કાર્યકરો દ્વારા વિકાસ કામો માટે અસંખ્યવાર કરવામાં આવેલી રજૂઆતોને કચરા ટોપલીમાં ફેંકી દેવામાં આવતી હતી. જ્યારે ચંપાવત અને કોટડીયા-સુરેન્દ્રકાકા વગેરે જેવા જનધન યોજનાના કાર્યક્રમોમાં જ રચીપચી રહેતી ભાજપ સરકાર દ્વારા વિકાસકામોના નામે કરોડો રૂપિયાનું ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર કરવામાં આવી રહ્યો છે.

# કનોરીયા આર્ટ સેન્ટર ખાતે પ્હાડ પેન્ટીંગ એક્ઝીબીશન

કનોરીયા આર્ટ સેન્ટર ખાતે શુક્રવારથી ત્રણ દિવસ માટે પ્હાડ પેન્ટીંગ એક્ઝીબીશન આરંભાયું છે. રાજસ્થાની સાંસ્કૃતિક પરંપરાના કલાકારો દ્વારા કાજલ, હળદર, સિંદુર, કંકુ જેવા પરંપરાગત પદાર્થોનો ઉપયોગ કરી કલાનો વિકાસ કરવાનો પ્રયાસ કરાયો છે. લુપ્ત થતી કલાને કલાપ્રેમીઓ સુધી પહોંચાડવાના પ્રયાસ રૂપે પ્હાડ પ્રદર્શન યોજાયું છે.

જેથી આ પેઈન્ટીંગ્સને સેક્રોલ કરીને મુવમેન્ટ કરી શકાય છે. જેનું આયુષ્ય લીફલોન્ગ રહે છે. જેમાં રાજસ્થાની ગોડ પાબુજી દેવનારાયણજીના વિવિધ પ્રસંગોનું વર્ણન કરવામાં આવ્યું છે. પેઈટીંગમાં સાઈડ ફેસ જ કરવામાં આવે છે તથા ઓરિજનલ પ્હાદ પેઈટીંગ ૧૫ થી ૩૦ ફૂટ લાંબા હોય છે. આજના જમાનામાં તેને કોલાજ સાથે પણ સાંકળેલ છે. તેનો ક્રેએટીવ મોર્ડન પેઈટીંગમાં સમાવેશ કરી શક્યા છે અને દરેક પ્હાડ લોકો રાત્રે તેનું પરફોર્મ કરે છે. અને લોકોને પદ (ગીત) દ્વારા સમજાવે છે.

અમે આ કલાને જીવંત રાખવાના ઉદ્દેશ્યથી રાજસ્થાનના જ ઓરિજનલ આર્ટીસ્ટ દ્વારા એક વર્કશોપનું આયોજન વડોદરા ખાતે કરેલ જેમાં ૨૦ થપ ૨૫ કલાપ્રેમીઓએ ટ્રેઈનીંગ લીધી અને ત્યાર બાદ અમે આ પેઈન્ટીંગ્સનું પ્રદર્શન કબીર આર્ટ ગેલેરી, અલકાપુરી, વડોદરા ખાતે રાખેલ હતુ જે ખૂબજ પ્રસંશાને પાત્ર રહેલ.

## આર્થિક વ્યવહાર ઠપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પગલાં લેવાની માંગણી સાથે આજે સમગ્ર દેશની રાષ્ટ્રીયકૃત બેંકના કર્મચારીઓ અને અધિકારીઓ હડતાલ ઉપર ઉતરી ગયા હતા.કર્મચારી યુનિયન દ્વારા આજે હડતાલનું એલાન કરવામાં આવ્યું હતું.જેના પગલે ગાંધીનગર શહેર અને જિલ્લાની નેશનલાઈઝ બેંકના કર્મચારીઓએ પણ આજે હડતાલનો માર્ગ અપનાવીને વિરોધ પ્રદર્શન કર્યો હતો.જેના કારણે આજે ગાંધીનગર શહેર અને જિલ્લાની બેંકોમાં તાળાં વાગેલા જોવા મળ્યા હતા. ત્યારે આજે ચેક ક્લિયરન્સ અને રોકડ ઉપાડ અને જમા કરવાની સેવા ખોરવાઈ જતા ગાંધીનગર શહેર અને જિલ્લામાં એક અંદાજ પ્રમાણે કુલ ૨૦૦ કરોડથી પણ વધુ રૂપિયાનો આર્થિક વ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો.

ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીયકૃત બેંકની વિવિધ જગ્યાએ થઈને કુલ ૨૫૦ જેટલી બ્રાન્ચ આવેલી છે ત્યારે આ બ્રાન્ચના થઈને બે હજાર જેટલા કર્મચારીઓના હડતાલથી બેંકમાં આજે રજા રહી હતી.ત્યારે આવતીકાલ શનિવારથી બેંકો રોબેતા મુજબ ચાલુ રહેશે.અત્રે ઉલ્લેખનીય છે કે, શુક્રવારે હડતાલને કારણે બેંકો બંધ રહેતા રોકડ ઉપાડ અને જમા માટે એટીએમ મશીનનો મહત્તમ ઉપયોગ થતો જોવા મળ્યો હતો.

## 'પોકેમોન' પકડાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પીસીઆર વાન લઈને સે. ૨૧ પોલીસ સે. ૩૦માં ગઈ અને પોકેમોન શોધવા વસાહતીઓના ઘરમાં ઘુસી જતા કિશોરને પકડીને પોલીસ સ્શને લઈ ગઈ હતી. સે. ૨૧ પીઆઈ મીની જોસેફે કિશોરને બેસાડીને પુછપરછ શરૂ કરતા તેના જવાબો સાંભળીને પીઆઈ પણ ડઘાઈ ગયા હતા. આ કિશોર ધો. ૧૦માં અભ્યાસ કરે છે. અને નરોડા ખાતે રહે છે. તેના પિતા બિઝનેશમેન છે અને ગઈકાલનો આ કિશોર ઘરેથી બાઈક લઈને નીકળી ગયો હતો. પોકેમોન ગેમ ચાલુ બાઈકે એક હાથે રમતારમતા તે ક્યાં ક્યાં ફર્યો અને પોકેમોન શોધવા કઈ કઈ જગ્યાએ ગયો તે વાતનો ખ્યાલ ખુદ તે કિશોરને પણ નથી. નરોડાથી બાઈક લઈને ગેમ રમતા રમતા છેક ગાંધીનગર આવી ગયો હતો અને સે. ૩૦માં વસાહતીઓના ઘરમાં ઘુસી ઘુસીને પોકેમોન શોધી રહ્યો હતો. તેની માનસીક હાલત એવી છે કે પોલીસ સામે જવાબ આપતી વખતે તેની આંખમાં ઘેન સ્પષ્ટ દેખાતુ હતુ. કેમ કે બે દિવસથી તે પોકેમોન શોધવામાં વ્યસ્ત રહ્યો એટલે સુવાનો પણ સમય મળ્યો નથી. પીઆઈએ પુછ્યું કે તારે ધો. ૧૦માં કેટલા ટકા આવ્યા ?તો તેણે કહ્યું કે ૧૦ ટકા..! એટલે કે તે શુ બોલે છે તેનો પણ તેને ખ્યાલ ન હતો. પિતાનો નંબર મેળવીને પીઆઈએ તેમનો સંપર્ક કરતા જાણવા મળ્યું કે તે ગઈકાલથી ઘરેથી નીકળી ગયો છે અને નોકરી માટે ઈન્ટરવ્યુ આપવા જવાનુ કહી ઘરેથી નીકળ્યો હતો. પિતાને પોલીસે મોડી સાંજે નરોડાથી પોલીસ સ્ટેશન બોલાવ્યા હતા. ગેમ રમવામાં આ હદે મશગુલ થઈ ગયેલા કિશોરની હાલની સ્થિતિ જોતા ચોક્કસ પ્રાર્થના કરવી પડે એવી છે કે આને માનસિક બિમારીની દવાઓ શરૂ કરવી ન પડે..!

## વ્યવહાર ખોરવાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આઈએનબીઓસી, એનઓબીડબલ્યુ, એનઓબીઓનો સમાવેશ થાય છે. આ હડતાળમાં જાહેર ક્ષેત્રની બેંકોના કર્મચારીઓ અને અધિકારીઓ જોડાયા હતા. જુની પેઢીની ખાનગી બેંકો અને વિદેશી બેંકોના કર્મીઓ પણ જોડાયા હતા. સરકાર દ્વારા હાલમાં લેવામાં આવેલા પગલાંના પરિણામ સ્વરૂપે આ હડતાળ પાડવામાં આવી હતી. છેલ્લા ૪૦ વર્ષમાં ૪૦થી વધુ ખાનગી બેંકોનું પતન થઈ ચુક્યું છે. આવી સ્થિતિમાં અમે ફરી આવા જોખમ લેવા તૈયાર નથી તેમ વેંકટચલમે કહ્યું હતું. બેંકો રાષ્ટ્રીય હિતમાં જાહેર ક્ષેત્રમાં ચાલે તે જરૂરી છે. બેંકોમાં આજે કુલ ડિપોઝીટનો આંકડો ૧૧૬ લાખ કરોડ સુધી રહ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે સરકાર જાહેર ક્ષેત્રની બેંકોને મજબૂત કરવા માંગે છે અને નાની બેંકોને મોટી બેંકોમાં મર્જ કરવા માંગે છે. અમને અસરકારક બેંકોની જરૂર છે. વેંકટચલમે એમ પણ કહ્યું હતું કે બેંકોના ખાનગીકરણથી ૧૩ લાખ કરોડના આંકડા સુધી પહોંચેલા બેડલોનના આંકડાને વસુલ કરવામાં મદદ મળશે નહીં.

## ખંભાળીયામાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાં તિલકવાડા તાલુકામાં ૭૨ મી.મી. મળી કુલ ત્રણ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૨૯-૦૭-૨૦૧૬ને સવારે ૭-૦૦ કલાકે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન પેટલાદ તાલુકામાં ૬૧ મી.મી ધ્રોલમાં ૫૫ મી.મી. જુનાગઢમાં ૫૫ મી.મી. જુનાગઢ શહેરમાં ૫૫ મી.મી. ખેરગામમાં ૫૦ મી.મી. અને ઉમરગામમાં ૭૦ મી.મી. મળી કુલ છ તાલુકાઓમાં બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે.

## વિક્રમી વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રધાને કહ્યું હતું કે જો અમે એમ કહી રહ્યા છીએ કે નફો થઈ રહ્યો નથી, જો નફો ન થાય તો તે વ્યક્તિ શા માટે મૂડીરોકાણ કરશે. મોટાભાગના વિદેશી મૂડીરોકાણકારો ડિવિડન્ડ અને રોયલ્ટી મારફતે તેમના નાણાં પાછા લઈ રહ્યા છે તેવા પ્રશ્નના જવાબમાં જેટલીએ આ મુજબની વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે ખાનગી સેકટર દબાણની સ્થિતિમાં છે. મૂડીરોકાણના બે એન્જિન સરકારી અને વિદેશી સોર્સ તરીકે છે. તેમણે ભારપૂર્વક ઉમેર્યું હતું કે સરકારે વિદેશી અને સ્થાનિક મૂડીરોકાણકારોને આકર્ષિત કરવા માટે છેલ્લા બે વર્ષના ગાળામાં શ્રેણીબદ્ધ પગલાં લીધા છે.

## દયાશંકરની ધરપકડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે બહુજન સમાજ પાર્ટીના કાર્યકરો અને દલિત સમાજના લોકોનું દયાશંકરના નિવેદનથી અપમાન થયું હતું. દયાશંકરસિંહ દલિત સમુદાયના લોકોને ઉશ્કેરી રહ્યા હતા. દયાશંકરસિંહે કહ્યું હતું કે માયાવતી કાંશીરામના સ્વપ્નને ચકનાચૂર કરી રહ્યા છે. માયાવતી ટિકિટોનું વેચાણ કરી રહ્યા છે. માયાવતી એક કરોડ રૂપિયામાં ટિકિટો વેચી રહ્યા છે. કેટલાક લોકો પાસેથી તો બે કરોડની માંગ પણ કરવામાં આવે છે. જો કોઈ વ્યક્તિ બે કરોડના બદલે સાંજે ત્રણ કરોડ આપવા તૈયાર થાય છે તો ત્રણ કરોડ રૂપિયા આપનારને ટિકિટ આપી દેવામાં આવે છે. ટિકિટ આપવાની બાબતમાં માયાવતી સેક્સ વર્કર કરતા પણ ખરાબ વર્તન કરી રહ્યા હોવાનો આક્ષેપ દયાશંકરસિંહે કરતા ખળભળાટ મચી ગયો હતો.

# આર.ટી.ઓ. કચેરી પાસે ગ-માર્ગ પર વાહનો આડેધડ ખડકાય છે

## ટ્રાફિક નિયમન અને પાર્કીંગ સેન્સ ચિથરેહાલ : કચેરી સંકુલમાં જગ્યાના અભાવના લીધે બહાર વાહનોનો ખડકલો


ગાંધીનગર તા ૨૯

નગરના ગ માર્ગસ્થિત હાઈટેક આર ટી ઓ કચેરીમાં પાર્કીંગની જગ્યાના અભાવ વચ્ચે રોજબરોજ આડેધડ વાહનો ખડકી દેવામાં આવે છે. જેના પરિણામે ગ માર્ગ વચાળે જ વાહનો ખડકાઈ જતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. ટ્રાફિક નિયમનના પાલન સાથે નો પાર્કીંગ ઝોનના નિયમોની અમલવારી માટે સહાયક બનતી આર ટી ઓ કચેરીના આંગણે જ નિયમોની ઐસી તૈસી કરી બેરોકટોક વાહનો પાર્ક કરી દેવામાં આવે છે. આર ટી ઓ તંત્ર દ્વારા અગાઉ પણ વાહનોના પાર્કીંગ માટે જગ્યા ફાળવવા માટે રજુઆત કરવામાં આવી હતી. પરંતુ કોઈ એકશન ન લેવાતા મુલાકાતીઓને નગરના સ્માર્ટ ટ્રાફિક નિયમન અને પાર્કીંગ સેન્સનો પરચો પ્રવેશદ્વાર સમા ગ માર્ગ પરથી મળી રહે છે.

શહેરમાં વાહન પાર્કીંગની સમસ્યા પેચીદી બની છે. વિકાસની નતનવી યોજનાઓ વચ્ચે પાયાની સવલતો તરફ દુર્લક્ષ્ય સેવાતા નગરના જાહેરજીવનમાં આમ આદમીએ ડગલે ને પગલે સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જેમાં દબાણોના અસ્તિત્વ વચ્ચે હાલ વાહન પાર્કીંગનો પ્રશ્ન જટીલ બન્યો છે. શહેરના જાહેરસ્થળો ઉપરાંત સરકારી કચેરીઓ આસપાસ પણ પાર્કીંગ સેન્સનો અભાવ વર્તાય છે. જયારે કેટલાક ઠેકાણે પાર્કીંગ માટે જગ્યા ઉપલબ્ધ ન હોવાથી ગમે ત્યાં વાહનો મુકી દેવાતા ટ્રાફિકને લગતા અનેક પ્રશ્નો સર્જાય છે.શહેરના ગ માર્ગ પર સ્થિત હાઈટેક આર ટી ઓ કચેરી પાસે પણ આવી જ સ્થિતિ સર્જાઈ છે.

નગરની હાઈટેક આર ટી ઓ કચેરીના સંકુલમાં પાર્કીંગ માટે જગ્યા જ નથી. રોજબરોજ કચેરીની મુલાકાતે આવતા અરજદારો પોતાના વાહનો ગ માર્ગ પર પાર્ક કરીને જતા ગ માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. જેના પરિણામે ગ માર્ગ પર અવરજવર કરતા વાહનચાલકો માટે પણ શિરદર્દ ઉભો થયો છે. એટલું જ નહીં પરંતુ નગરના પ્રવેશદ્વાર સમા ગ માર્ગ પર માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ જોખમી સ્થિતિનુ નિર્માણ થયુ છે. આર ટી ઓ તંત્ર દ્વારા આ મામલે અગાઉ પણ સંબંધિત વિભાગને જગ્યા ફાળવવા રજુઆત કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી દરખાસ્ત અંગે કોઈ વિચારણા હાથ ન ધરાતા આર ટી ઓ કચેરી પાર્કીંગના પ્રશ્ને ઘેરાવામાં આવી છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



## નાગરિકોને નમ્ર અપીલ

આપણે ગુજરાતીઓ શાંતિપ્રિય પ્રજા છીએ. આપણે હંમેશા શાંતિ, સદ્ભાવના અને સામાજિક સમરસતામાં વિશ્વાસ ધરાવીએ છીએ. ગુજરાતના વિકાસમાં શાંતિ અને સમરસતાનો ઘણો મોટો ફાળો રહેલો છે.

તાજેતરમાં ઉના તાલુકાના સમઢીયાળા ગામમાં દલિતો સાથે જે ઘટના ઘટી તે અત્યંત દુઃખદ અને સખ્તમાં સખ્ત શબ્દોમાં વખોડવા લાયક છે. આ નિંદનીય ઘટના પછી તુરત જ રાજ્ય સરકાર દ્વારા ત્વરિત પગલાં લેવામાં આવ્યા છે. જે નીચે મુજબ છેઃ

- તા.૧૧.૭.૨૦૧૬ ના રોજ આ કમનસીબ અને દુઃખદ બનાવ બન્યો તે જ દિવસે રાજ્ય સરકાર દ્વારા ત્વરિત પગલાં લેવામાં આવ્યા હતા.
- તા.૧૨.૭.૨૦૧૬ ના રોજ એટલે કે બનાવના બીજા જ દિવસે પાંચ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી તેમની સામે કલમ-૩૦૭ (ખૂનનો પ્રયાસ), કલમ-૩૯૫ (ધાડ અને લૂંટ), કલમ-૩૨૩-૨૪ (ઈજા અને એટ્રોસીટી) એકટની કલમો લગાવવામાં આવી છે અને ત્યારબાદ બનાવની તપાસ દરમિયાન અત્યાર સુધીમાં કુલ-૨૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.
- તા.૧૩.૭.૨૦૧૬ ના રોજ એટલે કે બનાવના ત્રીજા જ દિવસે સંસદીય સચિવશ્રી જેઠાભાઈ સોલંકીએ અસરગ્રસ્તોની મુલાકાત લીધી હતી.
- તા.૧૪.૭.૨૦૧૬ ના રોજ રાજ્યકક્ષાના મંત્રીશ્રી જશાભાઈ બારડ અને સંબંધિત તમામ ઉચ્ચ અધિકારીશ્રીઓએ અસરગ્રસ્તોની અને ગામની મુલાકાત લીધી હતી.
- તા.૧૪.૭.૨૦૧૬ ના રોજ ચાર પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને તા.૧૭.૭.૨૦૧૬ ના રોજ એક પી.આઈ. અને એક મહિલા એ.એસ.આઈ.ને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.
- તા.૧૫.૭.૨૦૧૬ ના રોજ અસરગ્રસ્તોને એક-એક લાખની સહાય આપવામાં આવી અને રૂા.૪ લાખની સહાય આપવાની જાહેરાત કરવામાં આવી હતી.
- તા.૧૭.૭.૨૦૧૬ ના રોજ ઈલેકટ્રોનીક મિડીયામાં દલિત યુવાનોને માર મારતો વિડીયો વાયરલ થયો. ગુજરાતના સર્વ નાગરિકોને ખાસ જણાવવાનું કે આ વિડીયો વાયરલ થયો તે પહેલાં જ રાજ્ય સરકાર તરફથી ઉપર જણાવ્યા પ્રમાણેના કડકમાં કડક પગલાં આરોપીઓ અને પોલીસ કર્મચારીઓ સામે લેવામાં આવેલ અને અસરગ્રસ્તોને સહાયભૂત થવાના પગલાં રાજ્ય સરકાર દ્વારા લઈ લેવામાં આવ્યા હતા એટલે વિડીયો જાહેર થયા બાદ રાજ્ય સરકારે કાર્યવાહી કરી તેવા આક્ષેપો સંપૂર્ણ ખોટા છે. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર દ્વારા આ બનાવની તપાસ સી.આઈ.ડી. ક્રાઈમને સોંપવામાં આવેલ છે.

મેં અને મંત્રીશ્રી રમણલાલ વોરા તથા મારા સાથીઓએ પણ અસરગ્રસ્તો અને અસરગ્રસ્ત ગામની મુલાકાત લઈ અસરગ્રસ્તોને તમામ સહાયની ખાતરી આપેલ છે અને કાયદેસરની તમામ કાર્યવાહી કડક રીતે હાથ ધરવા સૂચના આપેલ છે, જેનાથી આપ સૌ વિદિત છો જ.

આ દુઃખદ બનાવનો દુરુપયોગ કરવા કેટલાક લોકો તરફથી ખોટી અને ઉશ્કેરણીજનક અફવાઓ ફેલાવવામાં આવી રહી છે અને ગુજરાતમાં શાંતિ ડહોળાય તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે ત્યારે આપ સૌને મારી અપીલ છે કે, કોઈ અફવાઓથી કે ઉશ્કેરણીજનક નિવેદનોથી દોરવાવું નહીં અને રાજ્યની શાંતિ, એકતા અને સમરસતા જાળવવામાં સહયોગ આપશો.



શાંતિ, સદ્ભાવના, સમરસતા અને
વિકાસ એ જ આપણું લક્ષ

શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય